શ્રી રામચંદ્ર મિશન®
For Private Circulation Only
ECHOES
INDIA
January 2013 વર્ષ ૬, અંક ૧

# નૂતન વર્ષાભિનંદન!

## સખત તનાવનું વર્ષ

2012નું જે વર્ષ સમાપ્ત થયું છે તેમાં ગુરુજીને જીવનજોખમી બિમારીઓમાંથી પસાર થતા જોયા હતા. જુલાઈમાં, ગુરુજીની ગંભીર બિમારીએ તેમને તિરૂપુરથી દૂર રહેવા માટે ફરજ પાડી હતી જ્યાં તેમના જન્મદિનની ઉજવણી રાખવામાં આવી હતી. 15મી ઓગસ્ટે, મનપાક્કમમાં તેમણે વિશેષ ભંડારા માટે તેમના પ્રેસીડેન્ટ પદેથી 'રાજીનામા'ની જાહેરાત કરવા માટે બોલાવ્યા હતા. અચાનક કરવામાં અવેલી જાહેરાતમાં ભેગા થયેલા વીસ હજારથી પણ વધારે અભ્યાસીઓની હાજરીમાં વહીવટી બોજનો હિસ્સો ઉઠાવી લેવા માટે તેમણે ભાઈ કમલેશ પટેલને વાઈસ પ્રેસીડેન્ટ તરીકે નિયુક્ત કર્યા હતા. તે પછી, ધીમે ધીમે તેમની તબીયતમાં સુધારો જોવામાં આવતો હતો.

છેલ્લા ત્રણ મહિનાઓમાં, ગુરુજી તેમના સ્વાસ્થયને પુનઃ પ્રાપ્ત કરવામાં નિશ્ચિત ફલાંગો ભરતા હોય તેવું લાગે છે. ધીમે ધીમે, ઓક્સિજન સીલીંડર અને વ્હીલચેરને હટાવી લેવાતાં આપણે જોયાં છે. હવે ગુરુજી તેમની લાકડીના ટેકાથી ચાલે છે અને મદદનીશના હાથના ટેકાથી મેડિટેશન હોલમાં, ગુરૂજીઓના ફોટાઓને હાર ચડાવે છે. તેઓ કારમાં પ્રવાસ કરે છે અને આશ્રમમાં ગોલ્ફ કાર્ટનો ઉપયોગ કરે છે. તેમણે ભારતમાં પ્રવાસની શરૂઆત કરવાની વાતો ફરીથી શરૂ કરી દીધી છે! તે સમય દરમિયાન પણ, મનપાક્કમ આશ્રમમાં અભ્યાસીઓના સમુદાયનો પ્રવાહ સતત ચાલુ જ રહે છે અને ગુરુજી તેમને સત્સંગ કરાવવા માટેનો તેમનો હેતુ પાર પાડે છે. તેમને વહીવટી કાર્ય માટે અને ઈમેલથી પત્રવ્યવહાર કરવા માટે પૂરતો સમય અને ઉર્જા મળે છે.

ગાયત્રી પર ગયા પછી, ગુરુજીની તબીયતમાં સુધારાની ગતિએ વેગ પકડ્યો છે. સત્સંગ કરાવવા માટે તેઓ આશ્રમની અચાનક મુલાકાત લઈને અભ્યાસીઓને અચરજમાં મુકી દે છે. તેમના ખોરાક લેવામાં સુધારો થયો છે અને તેમના ચહેરા પર દર્દની કોઈ જ નિશાની દેખાતી નથી છતાં તેઓ જલ્દીથી થાકી જતા હોય એવું લાગે છે.

હમણાં જ, ભાઈ માધવના ઘરમાં, એક અભ્યાસીએ ગુરુજીને કહ્યું હતું, “ગુરુજી, ભવિષ્યમાં, તમને વધારે દર્દ થવું ન જોઈએ. તમે ઘણું સહન કર્યું છે.” ગુરુજી આનંદિત થઈ ગયા અને તેમનો જમણો હાથ લાંબો કર્યો અને બોલ્યા, “તથાસ્તુ.” આપણે ઈચ્છીએ અને પ્રાર્થના કરીએ કે નવું વર્ષ ગુરુજીના જીવનમાં વસંત લાવે અને સારું સ્વાસ્થ્ય અને પ્રસન્નતા પ્રદાન કરે.



ગુરુજીની નવા વર્ષની શરૂઆત ગાયત્રીમાં એકદમ વહેલા તૈયાર થઈને, તેમના પરિવારને અને બીજા થોડા અભ્યાસીઓ જે ત્યાં ઃહાજર હતા તેમને શુભેચ્છાઓ પાઠવીને થઈ હતી. ગુરુજીએ બધુંજ જલ્દીથી પતાવ્યું હતું કારણ કે તેઓ તેમના બીજા બધા જ અભ્યાસીઓને મળવા માટે આશ્રમ ઉપર જવા આતુર હતા. ગુરુજી સમય કરતાં પહેલા આશ્રમ ઉપર પહોંચી ગયા હતા. આશ્રમમાં 7500 અભ્યાસીઓ હતા. તેઓ જેવા આશ્રમમાં પ્રવેશ્યા, અભ્યાસીઓ અને બાળકોની લાંબી કતારે તેમને શુભેચ્છાઓ પાઠવી હતી. ગુરુજીએ સત્સંગ કરાવ્યો હતો જે પૂરો એક કલાક ચાલ્યો હતો. સત્સંગ પછી ગુરુજીએ, 'ઈર્ષ્યા' ના વિષયને સ્પર્શતું વકતવ્ય આપ્યું હતું જેનો અર્થ થાય છે “પ્રી–જજીંગ” અને પૂર્વગ્રહ કેવીરીતે બને છે. કારણ કે આપણે બીજાઓનો નિર્ણય કરીએ છીએ, પણ જ્યારે આપણે આપણો પોતાનો નિર્ણય કરીએ ત્યારે પણ તે પૂર્વગહ હોય છે. 'કારણ કે હું જ્યારે મારો પોતાનો નિર્ણય કરું છું ત્યારે એ નિર્ણય માટે હું મારી જાતને જ વખોડી કાઢું છું.” તેમણે કહ્યું હતું, “ખુશી માનવ જીવનનું ધ્યેય નથી. માનવ જીવનનું ધ્યેય છે વિકાસ.”

વકતવ્ય પછી, ગુરુજી પ્રેક્ષકગૃહ તરફ ગયા હતા. તેઓ થાકી ગયા હોવા છતાં, ભેટોની આપ–લે કરીને, મિશનની બાબતો પર ચર્ચા કરીને, બાળકોનાં નામકરણ કરીને, તેઓ કેટલાક અભ્યાસીઓને પણ મળ્યા હતા. ગુરુજીએ તેમનું બપોરનું ભોજન આશ્રમ પર લીધું હતું અને લગભગ 1 વાગે ગાયત્રી પર પાછા ગયા હતા. સાંજે ફરીથી, તેઓ ફ્રાંસ અને સ્વીઝર્લેંડથી આવેલા અભ્યાસીઓના જૂથને કે જેઓ રાત્રે પાછા જઈ રહ્યા હતા તેમને મળ્યા હતા. ગુરુજીએ યુરોપમાં કરેલા તેમના બધા જ પ્રવાસની વાતો કરવાનું શરૂ કર્યું હતું.

ગુરુજી પૂ. બાબુજીએ કહેલી વાત વિષે કહી રહ્યા હતા, “પૂ. બાબુજી અજ્ઞાનતાથી જ્ઞાન તરફ અને ફરીથી અજ્ઞાનતા તરફ જવાનું કહે છે. આ બે અજ્ઞાનતાઓ વચ્ચે શું તફાવત છે? પહેલા પ્રકારની અજ્ઞાનતા એ છે જેમાં તમે કશું જ જાણતા નથી અને બીજા પ્રકારની અજ્ઞાનતા એ છે જેમાં તમે બધું જ જાણો છો અને છતાં કશું જ જાણતા નથી. જ્ઞાન અસીમ છે. જ્ઞાનને તમે ક્યારેય ખતમ કરી શકો નહીં.”



## ઓક્ટોબર 2012

ઓક્ટોબરના પહેલા બે અઠવાડિયામાં ગુરુજીનું સ્વાસ્થ્ય સુધારા પર હતું, તેમની સવારની દિનચર્યા, ફીઝીયોથેરાપી, નાસ્તો અને આરામ મહત્વના હતા. સામાન્ય રીતે જ્યારે તેઓ નાસ્તો કરતા હોય, ત્યારે તેમને સમાચાર પત્ર વાંચી સંભળાવવામાં આવતું હતું. ત્યાર બાદ ગુરુજી તેમનું ઈ–મેઈલનું કાર્ય શરૂ કરતા હોય છે.

12મી ઓક્ટોબર, શુક્રવારના રોજ, સવારના 9.00 વાગ્યાના સત્સંગ પછી, ગુરુજી એ ડોર્મમાં પૂનાના અભ્યાસીઓને મળવા માટે આવ્યા હતા. તેમણે એક વકતવ્ય આપ્યું અને ત્યારબાદ બધાંને સીટીંગ આપી.

13મી ઓક્ટોબર, શનિવારના રોજ કોટેજનું મરામતનું કામ ચાલુ થયું. કોટેજને તોડી પાડવામાં આવ્યું છે અને કામ ચાલું છે. બપોરના ભોજન પછી ગુરુજીએ એક કલાકથી વધુ સમય સુધી વાતો કરી હતી. ફ્રાન્સથી લગભગ 15ની આસપાસ અભ્યાસીઓ તેમને મળવા માટે આવ્યા હતા. તેમાંની એક વ્યક્તિને માલિક જૂના દિવસોની યાદ કરતા હતા અને જ્યારે તેમણે તેનું નામ કહ્યું, ત્યારે તે બહેન ત્યાં દેખાયાં. ગુરુજીએ કહ્યું, જ્યારે આપણે પ્રેમ કરીએ છીએ, ત્યારે આપણે યાદ કરીએ છીએ. તેમ છતાં, ભૌતિક યાદદાસ્ત છાપ ધરાવે છે, જેમ કે આપણે ગંધને યાદ રાખીએ છીએ, જે કંઈક આપણે જોયું કે સાંભળ્યું હોય વગેરે અને યાદદાસ્ત તે ચોક્કસ ઘટના(બનાવ)ને વર્તમાનમાં લાવે છે.

14મીઓક્ટોબર, રવિવારનો દિવસ ખૂબ જ અદ્‌ભૂત હતો કારણ કે ત્રણ થી વધુ મહિના પછી ગુરુજી રવિવારનો સત્સંગ કરાવવા માટે મેડિટેશન હોલમાં આવ્યા હતા અને એક કલાકનો લાંબો સતસંગ કરાવ્યો હતો. આ પછી તેઓ ભાઈ માધવના ઘરે પાછા ગયા અને બહારની બાજુ બેઠા હતા અને ભાઈ સંસ્કીત કન્નને, દર રવિવારના કાર્યક્રમ પ્રમાણે ભગવદ્ ગીતાના પ્રકરણોમાંથી શ્ર્લોકો તેના અર્થઘટન સાથે વાંચ્યા હતા.

20મી ઓક્ટોબર, શનિવરે, ગુરુજીનું સ્વાસ્થ્ય પુન: પ્રાપ્ત થયાની બીજી સીમા જોવા મળી હતી જ્યારે તેઓ ફક્ત એક જ વ્યક્તિના સહારે અને ચાલવા માટેની લાકડીના સહારે, ચાલતા આવ્યા હતા. ગુરુજી, ઈરાનની બહેનોના જૂથ/સમૂહને મળ્યા હતા, તેમણે લાંબા સમય સુધી તેમની અને બીજા કેટલાક જેઓ હોલમાં તેમની આસપાસ ભેગા થયા હતા તેમની સાથે વાતો કરી હતી. દરેક જણે, બધાંની ઉપર સુક્ષ્મ અને ઊંડા સ્તરે કાર્ય થતું અનુભવ્યું હતું. ગુરુજીવ કહ્યું હતું, જ્યારે આધ્યાત્મિક કાર્યની વાત આવે છે ત્યાં શરૂઆત પણ નથી અને અંત પણ નથી. કાર્ય હંમેશાં ચાલે છે અને કાર્ય ભવિષ્ય તરફ લઈ જાય છે અને તેથી વર્તમાનમાં કરવા માટે ઘણું કાર્ય છે. તેવું વિચારવું અહંકારભર્યું છે કે અત્યાર સુધીમાં કાર્ય થયું નથી. આપણું વર્તમાન કાર્ય એ કાર્યની ઉપર છે કે જે આપણા ઘણા બધા આપણા પૂર્વજો દ્વારા કરવામાં આવ્યું છે. તેથી આપણે કાળજી રાખવી જોઈએ અને અત્યાર સુધી કંઈ ખાસ થયું નથી તેવું વિચારીને આપણા અહંકારને આગળ આવવા દેવો જોઈએ નહીં. બદલામાં, આપણે આપણું કાર્ય વિનમ્રતા અને પ્રેમપૂર્વક ચાલુ રાખવું જોઈએ.

એક સાંજે ગુરુજી હવામાનની અસર હેઠળ હતા અને બહાર આવ્યા ન હતા. તેમ છતાં ઓમેગાના બાળકો કે જેઓ વકતૃત્વ સ્પર્ધામાં બીજું ઈનામ જીત્યા હતા, તેઓને મળ્યા હતા. તેમને મળીને તેઓ ખુશ થયા હતા; તેમણે તેઓને સાંભળ્યા હતા અને તેમણે પોતાના અનુભવો પણ તેમની સાથે વહેંચ્યા હતા.

ભાઈ એ.પી.દુરાઈ ગુરુજીને મળવા આવ્યા હતા અને તેમણે તામિલનાડુના વિવિધ કેન્દ્રોની તાજેતરમાં કરેલી મુલાકાતો વિષે વાતો કરી હતી. તેમણે કહ્યું હતું કે આ બધો જ વિકાસ જે આપણે અત્યારે જોઈ રહ્યા છીએ, તે આપણા માલિકના વણથંભ્યા પ્રયાસો અને તેમની યાત્રાઓના કારણે છે અને ઘણી બધી વખત તેમને આ બધા શહેરોની અને કેન્દ્રોની યાત્રા કરવી પડી હતી. ગુરુજીએ કહ્યું હતું, જ્યારે દરેક જણ 30–40 વર્ષની આસપાસ હોય, ત્યારે તે યાત્રા માટેનો સૌથી સારો સમય છે અને ત્યારે શક્ય હોય તેટલી કાર્યક્ષમતાથી કાર્ય કરવું જોઈએ અને પછી જ્યારે આપણે ઘરડા થઈએ છીએ, ત્યારે શારીરિક થકાવટ આવી યાત્રાઓમાં અવરોધરૂપ બને છે.

એક દિવસ ગુરુજી, કોટેજની મરામતનું કાર્ય જોવા માટે, મેડિટેશન હોલમાં ચાલી રહેલા કાર્યને



જોવા માટે આખા આશ્રમની મુલાકાતે નીકળ્યા હતા અને ત્યાર બાદ ડોર્મ એ માં વકતવ્ય અને સીટીંગ આપી, કેન્ટીનમાં ગયા હતા અને (પાના નં.૩) બધે જ તેઓ ઊભા રહ્યા અને અભ્યાસીઓ સાથે સમય પસાર કર્યો હતો. આ ખરેખર આશ્રમનો ખૂબ જ મોટો રાઉન્ડ હતો જે ગુરુજીના સ્વાસ્થ્ય માટે નુકસાનકારક હતો. બાકી રહેલા દિવસ દરમિયાન તેઓ ખૂબ જ થાકેલા અને તકલીફમાં લાગતા હતા. સાંજે ગુરુજીને સારું લાગતું ન હતું અને ડોકટરો દ્વારા કેટલાક ટેસ્ટ કરવામાં આવ્યા હતા અને જણાવાયું હતું કે તે ફક્ત તણાવ અને થકાવટના કારણે હતું.

ઓક્ટોબર મહિનાના અંતે, ગુરુજીને થોડો તાવ હતો. તેઓ મોટાભાગની બધી જ સાંજે સેલાઈન ડ્રીપ્સ સાથે પથારીમાં જ હતા અને પીઠ પાછળ ટેકાના આધારે જ બેસી શકતા હતા. તેઓ વધારે બોલી શકતા ન હતા અને તેઓ ખૂબ જ નિસ્તેજ દેખાતા હતા. ગુરુજીએ કહ્યું, "હું કંઈપણ ખાઈ શકું તેમ લાગતું નથી, પરંતુ આ લોકો મને ખવડાવે છે અને ચોક્કસ હું થોડું લઈ શકું છું."

બેંગલોરના સેમિનાર દરમિયાન ભાઈ કમલેશે ગુરુજીને કહ્યું કે આશ્રમનો સાંજનો સત્સંગ અસાધારણ હતો અને દિવ્ય સ્તરે હતો. ગુરુજીએ કહ્યું હતું કે તે તૈયારીના કારણે જ શક્ય બન્યું હતું કે જેની બેંગ્લોરના પ્રશિક્ષકોએ નોંધ લીધી હતી કે સેમિનારમાં આવતા પહેલાં બધા જ અભ્યાસીઓ સીટીંગ લે. ગુરુજીએ કહ્યું, "હા, તે સફાઈના કારણે જ થયું છે." તે ખૂબ જ જરૂરી છે કે આપણે બધાંએ કે જેઓ ગુરુજીને મળવા મનપાક્કમ આશ્રમમાં આવે છે, તેમણે સીટીંગ્સ લઈને જ આવવું જોઈએ, જેના કારણે આપણે તે પ્રેમની ભેટ મેળવી શકીએ કે જે ગુરુજી હંમેશાં આપણી ઉપર વરસાવવા તૈયાર હોય છે.





## નવેમ્બર 2012

ગુરુજીની તબિયત થોડી નાદુરસ્ત હતી અને દવાઓએ તેમને નિસ્તેજ અને મોટા ભાગનો બધા સમયે ઘેનમાં રાખતી હતી. તેઓ બીપ એ.પી. મશીન સાથે રાખ્યા વિના સરખી રીતે શ્વાસ લઈ શકતા ન હતા. તેમ છતાં, ફેફસામાં જમા થયેલા પ્રવાહીને સાફ કર્યા પછી તેમના સ્વાસ્થમાં સુધારો દેખાતો હતો. આંતરિક ચેપને જાણવા માટે સીટી સ્કેન પણ કરવામાં આવ્યું હતું.

દિવાળીના થોડા દિવસો પહેલાં, ભાઈ ભાસ્કરન, ખાસ બનાવડાવેલી થોડી મિઠાઈ લાવ્યા હતા. ગુરુજીને તે કેવી રીતે બને છે તે જણાવ્યું હતું કે જ્યારે તે તૈયાર કરવામાં આવે ત્યારે તે કરનારે ભીના હાથ રાખવા ન જોઈએ કારણ કે તેનાથી મીઠાઈ તરત જ બગડી જાય છે વગેરે. કોઈપણ વસ્તુની સંપૂર્ણતા તરફનું તેમનું ધ્યાન ભૂલો વિનાનું હોય છે.

૭મી નવેમ્બર, શુક્રવારના દિવસે ભાઈ કમલેશ દ્વારા આશ્રમમાં થોડાં લગ્નો કરાવવામાં આવ્યાં હતાં અને ત્યાર પછી અભ્યાસી દંપત્તિ ગુરુજીને મળવા માટે આવ્યાં અને તેઓ બધાંને તેમણે સીટીંગ આપી. સાંજે ફીઝીયોથેરપી પછી તે ચાલવા માટે બહાર આવ્યા અને હોલમાં બેઠા. તરત જ થોડા અભ્યાસીઓએ તેમની આસપાસ ભેગા થવાનું શરૂ કર્યું. ગુરુજી તેમની આંખો બંધ કરી અને લાગતું હતું કે તેમણે સીટીંગ આપવાનું શરૂ કર્યું હતું. લગભગ 30 મિનિટ પછી તેમણે તેમની આંખો ખોલી અને બધાંને શુભરાત્રી કહી અને અંદર પાછા જતા રહ્યા.

તે દરેક સાંજનો નિત્યક્રમ બની ગયો હતો કે ગુરુજી આવતા અને હોલમાં બેસતા અને જ્યારે અભ્યાસીઓ તેમની આસપાસ ભેગા થતા હતા, તેઓ તેમની આંખો બંધ કરી દેતા હતા. તેવું ઘણી વખત બન્યું કે તેઓ 'પૂજા શરૂ કરો' તેવું કહેતા ન હતા પણ અંતે ફક્ત કહેતા હતા 'બસ કરો'. એક સાંજે જ્યારે ગુરુજી તેમની રૂમની અંદર પાછા ગયા, ત્યાં નાગપુર કેન્દ્રનાં કેટલાંક બાળકો હતાં કે જેઓ બે દિવસથી ગુરુજીને મળવાનો પ્રયત્ન કરતાં હતાં અને તેઓ અંદર આવ્યાં હતાં. તેમનામાંના એકે કહ્યું, "ગુરુજી જલ્દીથી સાજા થઈ જાઓ. ગુરુજી અમે તમને પ્રેમ કરીએ છીએ." અને ગુરુજીએ તેના જવાબમાં કહ્યું હતું, "હા, હું જાણું છું. તેના કારણે જ હું જીવું છું." જ્યારે ગુરુજીએ આવું કહ્યું, દરેક વ્યક્તિ તેમના ચહેરા ઉપરની ચમક જોઈ શકતા હતા.

નવેમ્બર 11ના રવિવારના દિવસે, તેમની ઓટોમેટીક વ્હીલચેરમાં, પોતાની જાતે ખૂબ જ સરળતાપૂર્વક, યુક્તિપૂર્વક ચલાવીને સ્ટેજ સુધી સરળતાથી ગયા. જેવા ગુરુજી મેડિટેશન હોલમાં દાખલ થયા, ત્યારે બધાજ અભ્યાસીઓએ તાળીઓ સાથે તેમના પૂજ્યવરને ખુશી અને પ્રેમથી ભરેલા હૃદય સાથે આવકાર્યા. ગુરુજીએ સત્સંગ કરાવ્યો જે એક કલાક અને પાંચ મિનિટ સુધી ચાલ્યો. દિવાળીના દિવસે તબિયત સારી નહીં હોવા છતાં ગુરુજીએ સત્સંગ કરાવ્યો. તે સંપૂર્ણ ઈચ્છાશક્તિ હતી જે તેમણે ફક્ત બહાર આવવા માટે અને જે અભ્યાસીઓ આવ્યા હતા તેમને મળવા માટે ઊભી કરી હતી. ગુરુજીએ મોટી સંખ્યામાં તેમને શુભેચ્છા પાઠવવા આવેલા કેટલાક અભ્યાસીઓને મળવાનું ચાલુ રાખ્યું હતું. તેઓ લગભગ 50 કે તેથી વધુ અભ્યાસીઓને મળ્યા હતા અને પછી કહ્યું હતું, "હું થાકી ગયો છું. મારે આરામની જરૂર છે. હવે બીજા મુલાકાતીઓ નહીં." બપોરના સમયે તેઓ ફરીથી તેમના શયનકક્ષમાં અભ્યાસીઓના સમૂહને મળ્યા હતા.

સાઉથ ઈસ્ટ એશિયાના કેન્દ્રના લગભગ 30 પ્રશિક્ષકોની સાથે ગુરુજીએ મીટીંગ કરી હતી. તેમણે તેઓને સીટીંગ આપી હતી અને પ્રશિક્ષકોના

કાર્યને અને સામાન્ય કાર્યને લગતું ખુબજ પ્રભાવશાળી વકતવ્ય આપ્યું હતું ગુરુજીએ કેવી રીતે દરેક વ્યક્તિએ કામને ગંભીરતાથી લેવું જોઈએ અને જો આપણે ઊંડા ઉતરીએ તો વસ્તુઓ ઉપર આવે છે અને દરેક જણ આપણે કાર્ય દ્વારા શું શીખીએ છીએ અને લાભ મેળવીએ છીએ તે જાણીને દંગ રહી જાય છે, તે વિષે ગુરુજીએ કહ્યું. સીટીંગની શરૂઆત અને અંતના સંદર્ભમાં ગુરુજીએ કહ્યું, “કોઈપણ, કાર્યને શરૂ કરી શકે છે. તેને પૂરું કરવાનું તેમના(બાબુજી) માટે છે.”

એક રાત્રે ફિલ્મ જોયા પછી ગુરુજીએ “મોરે-કાલી”, એક દહીં અને ચોખાની બનેલ દક્ષિણ ભારતીય વાનગી લીધી. ગુરુજીએ તે દરેકને વહેંચી અને પછી કહ્યું, “આ મારા સ્વાસ્થયના સુધારાની નિશાની છે.” જ્યારે ગુરુજીનું સ્વાસ્થય સુધર્યું, ત્યારે ભાઈ સંસ્કીત કન્નને દર રવિવારે ગીતા ઉપર વ્યાખ્યાન આપવાનું શરૂ કર્યું. મહિનાના અંતે તેઓ નિયમિતપણે બહાર આવવા અને સૂર્યના તડકામાં બેસવા અને થોડાક અભ્યાસીઓને મળવા માટે શક્તિમાન બન્યા. એક વખતે ચર્ચા દરમિયાન ગુરુજીએ મેડિટેશન હોલ માટે સૂચવવામાં આવેલા કેટલાક ફેરફારના ચિત્રો જોયાં. તેઓ દરેક વ્યક્તિ પાસેથી અભિપ્રાયો મેળવવા બાબતે ખૂબ જ ચોક્કસ હતા, અને કહ્યું, “ આપણે અહીં માનસિક જુસ્સાવાળા છીએ.” આખરે, દરેક વ્યક્તિ પાસેથી સાંભળવા મળ્યું કે તેમણે તેને આગળ કેવી રીતે લઈ જવું તે બાબતે દિશાસૂચન કર્યું હતું.

બીજો બનાવ કે જ્યારે તેઓ તેમની ચાલવાની લાકડી સાથે બહાર આવ્યા, તે તેમના સ્વાસ્થ્યમાં સુધારો દર્શાવે છે. ફીઝીયોથેરપીસ્ટે કહ્યું, “ ગુરુજી, આજનો દિવસ તમે મારો બનાવ્યો.” અને ગુરુજીએ જવાબ આપ્યો, “તે ફકત તમારા પ્રયત્નોથી જ શક્ય બન્યું હતું. તમારો આભાર.”

## ડિસેમ્બર, 2012

ડિસેમ્બર મહિનામાં ગુરુજીના સ્વાસ્થ્યમાં વધારે સુધારો જોવા મળ્યો. તેમણે રવિવારે મેડિટેશન હોલમાં આવવા માટે ગોલ્ફ કારનો ઉપયોગ કર્યો હતો અને મેડિટેશન હોલમાં સ્ટેજ ઉપર ચાલીને આવ્યા હતા. લાંબા સમય સુધી ચાલેલી બિમારી પછી આ પહેલી વખત હતું કે જ્યારે તેઓ મેડિટેશન હોલમાં આ રીતે આવ્યા હતા. પહેલા અઠવાડિયામાં ત્યાં સતત વરસાદ હતો અને ગુરુજી કારમાં જવાનો પ્રયત્ન કરવા માંગતા હતા. આ રીતે તેમની ફીઝીયોથેરાપીની સારવારના ભાગરૂપે ગુરુજી તેમના રૂમમાંથી દરવાજા સુધીના રસ્તે ચાલ્યા અને કારમાં બેઠા અને કારમાં બહાર નાના રાઉન્ડ માટે ગયા. આ એક સ્પષ્ટ નિશાની હતી કે ગુરુજી શારીરિક કાર્ય માટે સક્ષમ હતા. એક સાંજે ગુરુજીએ દસ્તાવેજી ચિત્ર “ધ રીવીલેશન ઓફ પીરામીડ” જોયું. તે ખૂબ જ જાણકારી આપતો કાર્યક્રમ હતો અને વિશાળ પિરામીડ અને વિવિધ ઐતિહાસિક બાંધકામો વિષે વાતો કરી હતી. ત્યાં ખુબ જ ચર્ચાઓ થઈ અને ગુરુઝિએ કેવી રીતે પરિવર્તન અગત્યનું છે અને બ્રહ્માંડીય કાર્ય વગેરે વિષે વાત કરી. જ્યારે એક વ્યક્તિએ પૂછ્યું કે જો કોઈ કુદરતી સંકટ આવી પડે તો અમારે શું કરવું જોઈએ, તો ગુરુજીએ કહ્યું, તે સમયે ઉત્તમ રસ્તો મેડિટેશન કરવાનો છે. તેથી, જો કોઈ કુદરતી સંકટ આવી પડે તો આપણે તેનો સામનો કરવા તૈયાર રહેવું જોઈએ.”

એક પ્રશિક્ષક દંપતી આવ્યા અને ગુરુજી સાથે ઓળખાણ કરાવી અને તેમણે મજાકમાં કહ્યું, “હવે હું સારો છું, મારે આ કાર્ય પાછું લેવું છે.” જ્યારથી ગુરુજી બીમાર પડ્યા હતા, ત્યારથી ભાઈ કમલેશ પ્રશિક્ષકો બનાવે છે.

## ગાયત્રીમાં પાછા ફર્યા

સાડા પાંચ મહિનાના અંતરાલ પછી ગુરુજી ગાયત્રીમાં પાછા ફર્યા હતા. ઘરે આવ્યા પછી તેમણે તેમનું દૈનિક કાર્ય જેમ કે સીટીંગ્સ, વહીવટી કામકાજ, મુલાકાતીઓને મળવાનું, અનૌપચારિક ચર્ચા વિચારણા કરવાનું અને એવું બધું ચાલુ કરી દીધું હતું. ગુરુજી બપોરના જમણ પછી એક કલાક સુધી ડાઈનીંગ ટેબલ ઉપર વાતો કરતા હતા. ગુરુજીને તેમની બિમારીના સમય દરમિયાન બની ગયેલી ઘણી બધી વસ્તુઓ યાદ ન હતી અને જ્યારે અભ્યાસીઓ દ્વારા શું બન્યું હતું તે યાદ કરાવવામાં આવતું, ત્યારે તેઓ આશ્ચર્ય અનુભવતા હતા.

અનૌપચારિક ચર્ચા દરમિયાન, ગુરુજીએ ઈર્ષા વિષે વાત કરી હતી. ગુરુજીએ કહ્યું કે ઘણા લોકો તેમની અને તેમના બાબુજી સાથેના ગાઢ સંબંધની ઈર્ષા કરતા હતા. તેથી એક ભાઈએ પૂછ્યું કે તે ઈર્ષા યોગ્ય હતી? ગુરુજિએ કહ્યું, “ મેં પૂ.બાબુજી મહારાજને આ જ પ્રશ્ન પૂછ્યો હતો અને તેમણે કહ્યું 'ના, અદેખાઈ કે ઈર્ષા હોવી તે ખરાબ છે.” તેમણે





ઉમેર્યુ, " ઈર્ષા એ સૌથી મોટું પાપ છે અને જે ઈર્ષાળુ છે તેને કોઈ જ સલાહ આપવી ન જોઈએ. ઈર્ષાનો મતલબ છે કે તમે ગુરુજીની તમને આપવાની ક્ષમતા ઉપર પ્રશ્ન ઉઠાવો છો કે જે તેમણે બીજી વ્યક્તિને આપ્યું છે."

## ડો. આઈહેક એડિઝની મુલાકાત

ભાઈ આઈહેક એડિઝ, ડિસેમ્બરની 14મી થી 16 સુધીના એમ ત્રણ દિવસના જીએસટી કાર્યક્રમનું સંચાલન કરવા આવ્યા હતા. એક દિવસે ભાઈ આઈહેકે ગુરુજીને માનવ વંશના ભવિષ્ય વિષે પૂછ્યું અને ગુરુજીએ કહ્યું કે તે સુંદર હશે. પછી તે ભાઈએ અણુકેન્દ્રની ધમકીઓ અને વિનાશના અનુસંધાનને દર્શાવ્યું અને ગુરુજીએ જવાબ આપતાં કહ્યું, "તે વિનાશ નથી. તે ઉન્નતિમાં અવરોધરૂપ વસ્તુઓને દૂર કરવાનું છે." ત્યારબાદ વિષય, ઈશ્વર, ગુરુ અને કોનો વિશ્વાસ કરવો, તે ઉપર ગયો અને ગુરુજીએ કહ્યું, "હું મારા ગુરુજી બાબુજી મહારાજનો વિશ્વાસ કરું છું અને નહીં કે ઈશ્વરનો, સહજમાર્ગ અનુસાર, ઈશ્વર પાસે મન નથી અને તેણે વિશ્વનું સર્જન કર્યું અને સર્જન સાથે તેનું કાર્ય પૂરું થયું." ત્યાર પછી ગુરુજીએ કહ્યું, "જે પ્રારબ્ધને દોરે છે તેઓ પોતાની જાતે કાર્ય કરી શકતા નથી, પરંતુ પૃથ્વી ઉપર કાર્ય કરવા માટે તેઓને ગુરુ જેવા માધ્યમની જરૂર પડે છે, તેમના દ્વારા તેઓ કાર્ય કરે છે." ત્યારબાદ ભાઈ આઈહેકે પૂછ્યું કે પ્રેમમાં ડર શા માટે હોય છે, ગુરુજીએ કહ્યું, "તેના માટે ફક્ત એક જ કારણ છે કે આપણે આપી શકતા નથી. આપો અને આપવાનું ચાલુ રાખો, ડર દૂર થઈ જશે." તેમણે ઉમેર્યુ, "આપો અને પછી તમે આપવા માટે વધારેને વધારે મેળવશો. હું આની ખાત્રી આપું છું."

16મી ડિસેમ્બર, રવિવારના રોજ, ગુરુજી ઝારખંડના અભ્યાસીઓને મળ્યા હતા કે જેઓ તેમના ઘરે તેમને જોવા માટે રાહ જોતા હતા. પછી તેમણે આશ્રમમાં સત્સંગ કરાવ્યો અને કાર્યકર્તાઓ માટે યોજવામાં આવેલા ડો. આઈઝેક એડિઝના કાર્યક્રમમાં હાજરી આપી. પ્રશિક્ષકોના કાર્યનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે તેઓને તેમની ઉપર વિશ્વાસ રાખતા અભ્યાસીઓના સમૂહની આધ્યાત્મિક યાત્રાની દેખરેખ રાખવાનો વિશેષ અધિકાર હતો. "પ્રશિક્ષકોએ અભ્યાસીને બચાવવા માટે નર્ક સુધી પણ નીચે ઉતરવા માટે તૈયાર રહેવું જોઈએ." એવું તેમનું નિરિક્ષણ હતું.

23મી ડિસેમ્બર, રવિવારે ગુરુજીએ ગાયત્રીમાં આઠ લગ્નો કરાવ્યાં. નાતાલના દિવસે તેમણે આશ્રમમાં સત્સંગ કરાવીને અભ્યાસીઓને આશ્ચર્ય આપ્યું હતું. સત્સંગ પછી તેમણે રાબેતા મુજબ કોટેજના સમારકામનું અવલોકન કર્યું અને ત્યાર બાદ ઓડિટોરિયમ બ્લોકમાં ગયા. તેમણે થોડા વિદેશીઓને આમંત્રિત કર્યા હતા અને ક્રિશ્ચયન સમુદાયમાંથી આવતા ભારતીય અભ્યાસીઓને અભિવાદન કરી અને તેમને ભેટો આપી હતી.

29મી ડિસેમ્બર, શનિવારના રોજ, ત્યાં સતત વરસાદ હતો, પરંતુ ખરાબ હવામાન હોવા છતાં ગુરુજી આવ્યા અને એક કલાકનો સત્સંગ કરાવ્યો અને પછી તરત જ ગાયત્રી જવા રવાના થયા. સાંજના સમયે, ગાયત્રીમાં સીટીંગ પછી તેમણે કેટલાક અભ્યાસીઓ તરફથી ભેટો મેળવી. બહેન આલા અને ભાઈ આઈગર, વિશ્વના બીજા નંબરના કેલિફોર્નિયાના વિશાળ વૃક્ષ સેક્યુઆનું એક મોટું ચિત્ર લાવ્યા હતા અને તેમણે ગુરુજીને સમજાવ્યું કે આ વૃક્ષ જેમ જેમ ઉંમરલાયક થાય છે, તેમ તેમ મજબૂત બનતું જાય છે અને તેઓ ઈચ્છે છે કે ગુરુજી પણ આ રીતે મજબૂત બને. ત્યાર બાદ તેમણે તેમને શિયાળાના કેટલાંક વસ્ત્રો એમ કહીને આપ્યા કે જ્યારે તેઓ મજબૂત બનીને રશિયા અને સતખોલની યાત્રા કરશે ત્યારે તેમને આ શિયાળના વસ્ત્રોની જરૂર પડશે અને ગુરુજી હસ્યા અને માન સાથે ભેટોનો સ્વીકાર કર્યો.

31મી ડિસેમ્બરની રાત્રે, સૂવા જતાં પહેલાં, એક અભ્યાસીએ ગુરુજીને કહ્યું, "આ વર્ષની સૌથી વિશેષ ભેટ અમે મેળવી છે તે છે કે ગંભીર બિમારીનો સામનો કરીને તમે અમારી પાસે સ્વસ્થ બનીને પાછા આવ્યા અને ગુરુજીએ જવાબ આપ્યો, "સૌથી મહત્વની ભેટ તે છે કે તમે સૌ મારી સાથે છો." તે ખૂબ જ રોમાંચક ક્ષણ હતી અને ત્યાર બાદ ત્યાં મૌન પ્રવર્ત્યું. ગુરુજીએ દરેકને નૂતન વર્ષાભિનંદન પાઠવ્યા અને સૂવા માટે ગયા.





# મણપાકકમના પરિસંવાદો

## 16 થી 21 ઓક્ટોબર, 2012

આશરે 250 અભ્યાસીઓ ગોરખપુરથી અને લગભગ 400 અભ્યાસી પંજાબ, હરિયાણા અને ચંડીગઢના કેન્દ્રોમાંથી સેમિનારમાં હાજર રહ્યા હતા.

## 23 થી 28 ઓક્ટોબર, 2012

લગભગ 200 અભ્યાસી નોઈડા તેમજ બીજા કેન્દ્રો જેવા ફૈઝાબાદ, ફરીદાબાદ, અલીગઢ, રામપુર અને ચીકલીમાંથી સેમિનારમાં હાજર રહ્યા હતા. બધું મળીને લગભગ 500 અભ્યાસીઓએ સત્સંગ તેમજ વિવિધપ્રકારની સામુદાયીક ચર્ચાવિચારણા, મિટિંગ અને બેઠકો વિગેરેમાં ભાગ લીધો હતો.

## 30 ઓક્ટોબરથી 4 નવેમ્બર, 2012

આશરે 1300 અભ્યાસીઓ બેંગલોરથી સેમિનારમાં ભાગ લેવા માટે આવ્યા હતા. ભાઈ શ્રી કમલેશ પટેલે પહેલા દિવસે પ્રવચન આપ્યું હતું અને બાકીના દિવસોમાં અન્ય પ્રવચનો અને સાંજે વર્ગવાર અલગ પાડેલી ડીવીડી બતાવવામાં આવી હતી. પ્રશિક્ષકો માટે પણ વિશિષ્ટ સત્રો યોજવામાં આવ્યા હતા.

## 6 થી 11 નવેમ્બર, 2012

વિરુધનગર, અલુવા અને તેની આસપાસના નાના કેન્દ્રકમાંથી તેમજ નાગપુર અને બરેલીથી અભ્યાસીઓ સેમિનાર માટે આવ્યા હતા. નાગપુરથી આવેલ બાળકોના જૂથે આશ્રમને જીવંત (આનંદી) બનાવી દીધો હતો. આ સપ્તાહમાં આશરે 500 અભ્યાસીઓ આવ્યા હતા.

## 12 થી 18 નવેમ્બર, 2012

આ દીવાળીના તહેવારના સપ્તાહમાં આશરે 1200 અભ્યાસીઓ ગુજરાતમાંથી સેમિનારમાં માટે આવ્યા હતા. પુજ્ય ગુરુજીની તબિયતમાં પણ સુધારો હતો અને તેઓ મંગળવાર અને બુધવારે આશ્રમ આવ્યા હતા, સત્સંગ કરાવ્યો હતો તેમજ ઘણાબધા અભ્યાસીઓને અને બાળકોને મળ્યા હતા અને તેમની ઉપસ્થિતિની સંવેદનાનો દરેકે અનુભવ કર્યો હતો..

## 20 થી 25 નવેમ્બર, 2012

કરીમનગર ડીસ્ટ્રીક્ટ અને આંધ્રપ્રદેશમાના તિરુપતિ તેમજ ગોદાવરીખીણમાં, (પેડ્ડાપલ્લી, જમીકુન્ટા, મન્ચેરીયલ, જઈપુરમ, શ્રીરામપુર, મન્ડામરી, બેલમપલ્લી, ગોલેટી, અસિફ્દ્રબાદ, સિરપુર વિગેરે), તિરુપતિ, બેલારી, કમ્પ્લીકોટ્ટલ અને ગંગાવતિથી અભ્યાસીઓ સેમિનાર માટે આવ્યા હતા. આશરે 700 અભ્યાસીઓએ ભાગ લીધો હતો.

## 27 નવેમ્બરથી 2 ડીસેમ્બર, 2012

આશરે 150 અભ્યાસીઓ સિંગાપુર, મલેશિયા, ઈન્ડોનેશિયા, ફીલીપાઈન્સ, થાઈલેન્ડ અને જાપાનથી સેમિનારમાં માટે આવ્યા હતા આ સેમિનારના વ્યવસ્થિત સંચાલન માટે પુજ્ય ગુરુજીએ વિશિષ્ટ રસ દાખવ્યો હતો અને તે મુકરર કાર્યક્રમ અસરકારક રીતે પૂર્ણ થયેલ. પુજ્ય ગુરુજીએ પ્રશિક્ષક શ્રી માધવના ઘરે બધાને આમંત્ર્યા હતા અને લંબાણથી પ્રવચન આપેલ અને પછી સત્સંગ પણ કરાવેલ. તેમની વિદાયને ભવ્ય બનાવવા પુજ્ય ગુરુજી તેમની ગોલ્ફ કાર્ટમાં રવિવારે આશ્રમ આવ્યા હતા અને સવારનો સત્સંગ કરાવ્યો હતો.

## 4 થી 9 નવેમ્બર, 2012

આશરે 750 અભ્યાસીઓનું એક બીજુ મોટુ જૂથ મુખ્યત્વે આગ્રા અને તેની આસપાસના કેન્દ્ર જેવા કે રાયબરેલી, ચંદ્રપુર,ફતેહપુર અને ઈટાવાથી આવ્યું હતું. તે સમયે પુજ્ય ગુરુજી ગાયત્રીમાં હતા અને તેમણે પોતાને સાજા થવા માટે ગાયત્રીમાં આરામની જરૂરીયાત ઉપર ભાર મૂક્યો હતો. સેમિનાર નિયમિતરૂપે ચાલ્યો હતો અને ભાઈ શ્રી કમલેશ પટેલે સત્સંગમાં અને મિટિંગ વિગેરેમાં સક્રિયપણે ભાગ લીધો હતો.

## 11 થી 16 ડીસેમ્બર, 2012

આશરે 750 અભ્યાસીઓનું મોટુ જૂથ બિહાર અને ઝારખંડથી ખૂબજ જહેમત ઉઠાવીને મણપાક્કમ આવ્યું હતું. પુજ્ય ગુરુજીએ શક્ય તેટલા વધારેમાં વધારે અભ્યાસીઓને ગાયત્રીમાં મળવાનો પ્રયત્ન કર્યો હતો અને 16મી ડીસેમ્બરને રવિવારે આશ્રમ આવી બધાને આનંદકારકરીતે આશ્ચર્યચકિત કરી દીધા હતા અને સવારનો સત્સંગ કરાવ્યો હતો.

## મંગળવાર 18 થી 23 ડીસેમ્બર, 2012

કુલ 600 અભ્યાસીઓએ અમલાપુરમ, ગુંટુર, અને કડપથી (એપી) અને લગભગ 25 અભ્યાસીઅઈ રાયચુર (કર્ણાટક)થી સેમિનારમાં ભાગ લીધો હતો. નિયમિત સત્સંગ ઉપરાંત, પવિતત્રતા, સંસ્કારો, પુજ્ય ગુરુજીની ભૂમિકા તેમજ ધર્મ અને આધ્યાત્મિકતા જેવા વિષયો ઉપર વિવિધ પ્રવચનો રાખવામાં આવ્યા હતા અને પ્રશિક્ષક મિટિંગ પણ રાખવામાં આવી હતી. 23મી ડીસેમ્બરનો રવિવારનો સત્સંગ ભાઈ શ્રી કમલેશ પટેલે કરાવ્યો અને તે જ દિવસે પુજ્ય ગુરુજીએ ગાયત્રીમાં 8 લગ્ન કરાવ્યાં હતાં.

## 25 થી 30 ડીસેમ્બર, 2012

આ સપ્તાહની વિશેષ બાબત એ હતી કે શ્રીલંકા થી 40 અભ્યાસીઓએ તમિલ ભાષામાં આયોજીત બે દિવસીય "ગ્રાઉન્ડીગ ઈન પ્રેક્ટીસ" સેમિનારમાં ભાગ લીધો હતો. સૌથી ધ્યાનાકર્ષક બાબત પુજ્ય ગુરુજીની નાતાલના તહેવાર નિમિત્તે તેમજ શનિવારે આટૂલે દૂરથી આવેલ અભ્યાસીઓને મળવા આશ્રમમાં હાજરી આપી તે હતી. લગભગ 80 જેટલા જમ્મુ કાશ્મીરથી આવેલા અભ્યાસીઓ કે જેમાંના મોટાભાગના પહેલીવાર આવ્યા હતા તેઓ પુજ્ય ગુરુજીને મળ્યા હતા. તદઉપરાંત, ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને હીમાચલ પ્રદેશમાંથી પણ અભ્યાસીઓ આવ્યા હતા જેથી કુલ સંખ્યા આશરે 950ની હતી.

# યુવા જાગૃતિ

## યુવાનોની સહજમાર્ગમાં ભૂમિકા, પનવેલ આશ્રમ, મુંબઈ.



ભાઈશ્રી મોહનદાસ હેગડેએ 6ઠ્ઠી ઓક્ટોબરે, પનવેલ આશ્રમ, મુંબઈમાં એક કાર્યક્રમનું સંચાલન કર્યું હતું જેમા લગભગ 40 લોકોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમનો હેતુ (ગુરુજી, મિશન અને પધ્ધતિ) ગુરુ, સંસ્થા અને પધ્ધતિની સમજણ કેળવવાનો તેમજ યુવાનોની અંદર મિશનની વિવિધ પ્રવૃતિઆમાં ઉત્સાહથી ભાગ લેવાની વૃત્તિ ખીલવવા પ્રોત્સાહિત કરવા માટેનો તેમજ તેમની અંદર એકત્વ/એકરૂપતાની ભાવના કેળવવાનો હતો.

"સાધનાનો ખ્યાલ"એ વિષયમાં સાધના પ્રત્યે કેવું વલણ હોવું જોઈએ અને "આધ્યાત્મિકતા પૂર્વાભિમુખ ભૌતિક જીવન" જીવવાની દીશા ઉપર ચર્ચા દરમ્યાન ભાર મૂકવામાં આવ્યો હતો. "અભ્યાસનો ખ્યાલ" વિષય દ્વારા વર્તમાનમાં જીવન જીવવાના અભિગમની વિશેષતા દર્શાવી હતી. "સ્વયંસેવકના ગુણધર્મ," વિષય દ્વારા સમર્પણ, ધીરજ, સહનશીલતા અને આજ્ઞાપાલન, સ્વયંસેવક તરીકે કાર્યમાં કેવી રીતે ફાયદાકારક રહે છે તેનું નિરીક્ષણ કર્યું હતું. "ગુરૂજી એક આદર્શનો ખ્યાલ" વિષયે બધાને ખૂબજ ઉત્તેજિત કરી દીધા હતા અને ગુરૂજી આપણા માટે શું હોવા જોઈએ તે અંગે બધાને ગંભીર ચિંતન કરતા કરી દીધા હતા અને "ચારિત્ર્ય એ આધ્યાત્મિક સુખાકારીનું મૂળનો ખ્યાલ"એ વિષયમાં નૈતિક મૂલ્યો એ આધ્યાત્મિકતા માટે પાયાની જરૂરિયાત હોવા ઉપર ભાર મુકવામાં આવ્યો હતો. "સહજમાર્ગના દસ સિધ્ધાંતોનું મહત્વ" ઉપર એક કાર્યદક્ષ સૂત્રથી. કાર્યક્રમનું સમાપન થયું હતું અને ભાગલેનારાઓએ "૩એમ" ઉપર વધારે સારું પ્રભુત્વ મેળવ્યું હોય તેમ જણાતું હતું.

## સહજમાર્ગ યુથ કલબ, તિરૂપુર

તિરૂપુર કેન્દ્રના યુવાનો નિયમિત રીતે ત્યાંના ધ્યાનકક્ષમાં ભેગા થાય છે અને સ્વયંસેવક કાર્ય ઉપર પોતાના મત કે મંતવ્ય અને વિચારોનું આદાન પ્રદાન કરે છે. પુજ્ય ગુરુજીની મંજુરીથી સહજમાર્ગ યુથ કલબની સ્થાપના 29મી ઓક્ટોબરના રોજ થયેલ જેમાં ખેલકૂદની પ્રવૃતિઓનો પણ સમાવેશ થાય છે. 4થી નવેમ્બરે, કાણેગ્યમ ખાતે પ્રારંભિક સેમિનાર યોજવામાં આવ્યો હતો. પ્રારંભિક પ્રવચન ભાઈ શ્રી એન. પ્રકાશે આપ્યું હતું. ભાઈ શ્રી એસ. એસ. રામક્રિષ્ણ, ભાઈ શ્રી રવિ સુબ્બિયન અને બહેન એઝિલરાસીએ પુજ્ય ગુરૂજીની યાદમાં મિશનનું સેવા કાર્ય કરવા યુવાનોને પ્રોત્સાહીત કર્યા હતા. 11 થી 13 નવેમ્બર દરમ્યાન, કલબના 25 સભ્યો નેત્રમપલ્લી આશ્રમ ખાતે આધ્યાત્મિક હેતુ અને સેવાકાર્ય માટે મળ્યા હતા. સફાઈના કાર્ય ઉપરાંત પુસ્તક વાંચન, સામૂહીક ચર્ચા, પ્રશ્નોત્તરી, પૂજ્ય ગુરૂજીની ડીવીડી અને વિશિષ્ટ વિષયો ઉપર વ્યાખ્યાન અને સત્સંગ યોજ્યા હતાં. કાર્યક્રમનુ સમાપન ખૂબજ આનંદ અને ઉત્સાહથી થયું હતું.

## "સહનશીલતા" ઉપર વડોદરાના યુવાનોની કાર્યશિબિર

16મી ડીસેમ્બરે, બહેન શ્રી એલીઝાબેથ ડેનલિએ વડોદરા, આણંદ અને નડીયાદના યુવાનો સાથે "સહનશીલતા"ના વિષય ઉપર અરસપરસ ચર્ચા કરી કે જે "ગ્રાઉન્ડીગ ઈન પ્રેક્ટીસ" ટ્રેનિંગનો એક ભાગ છે. વડોદરા સેન્ટરના 5 સહાયકો (ફેસીલીટેટર) અને બહેન શ્રી એલીઝાબેથે "સાંભળવા અને બોલવા"ના વિષયથી શરૂઆત કરી ધીરજ અને સહનશીલતાના વિષય ઉપર બે કલાકની કાર્યશિબિર યોજી હતી. પૂજ્ય ગુરૂજીને હદયથી સાંભળવા અને બોલવા' ઉપરના જુદાજુદા પુસ્તકમાંથી ફકરા લઈ વાંચવામાં આવ્યા હતા. આશરે 60 અભ્યાસીઓને જૂદાજૂદા જૂથમાં વહેંચી દરેક જૂથને તેના સભ્યોને મદદ અને માર્ગદર્શન માટે એક સહાયક (ફેસીલીટેટરની નિમણૂંક કરી હતી.

ત્યારબાદ ભાગલેનારાઓની જોડી બનાવી દરેકને તેઓ જ્યારે બીજા સાથે અસહિષ્ણુ બન્યા હોય કે જેનાથી તેમના સંબંધોને અસર પહોંચી હોય તેવા અનુભવોનું આદાનપ્રદાન કરવા જણાવેલ. મૂંગી અસહિષ્ણુતાનો વિચાર એક સહભાગી દ્વારા પ્રગટ થયો કે જ્યારે અસહિષ્ણુતા નિઃશબ્દ રીતે માત્ર નકારાત્મક હાવભાવ અને વર્તનથી પ્રદર્શિત કરવામાં આવે છે. સમાપનમાં દરેકને જુદાજુદા વાક્યો ઉપર તેમના પ્રતિભાવો આપવા જણાવવામાં આવ્યું હતું. સારાંશ રૂપે કાર્યક્રમ બધાને લીન કરે તેવો અને ખૂબજ મદદકર્તા લાગ્યો.



# પ્રશિક્ષક મિટિંગ

## એનસીઆર દીલ્હી ઝોનલ



24મી નવેમ્બરે યોજાયેલ મિટિંગમાં 80 પ્રશિક્ષકોએ ભાગ લીધો હતો. ભાઈ શ્રી કમલેશ પટેલે મણપાક્કમથી વિડીયો પ્રસારણ દ્વારા ઉદઘાટન પ્રવચન આપ્યું હતું. તેમણે આધ્યાત્મિક જીવનના પાસાઓ જેવા કે બદલવું કે બદલાવું, આંતરિક અવસ્થા ટકાવવી, સંવેદનશીલતા, નમ્રતા, સમર્પણ અને બીજાને વ્યક્તિગત પૂજા આપતા પહેલાં પોતાની અવસ્થા જાણવાની ક્ષમતાને આવરી લીધા હતા. ડો. સત્ય મંડલ ઝેડાઈસીએ, બદલાવનો સ્વીકાર કરવાની અગત્યતા ઉપર પ્રવચન આપ્યું હતુ. પાંચ જૂથ પાડવામાં આવ્યા હતા અને દરેક જૂથને ચર્ચા માટે એક વિષય આપ્યો હતો. દરેક જૂથનો આગેવાન તેમને આપેલ વિષય ઉપરની રજૂઆત આવનારી મિટિંગમાં કરશે. ભાઈ શ્રી સુધીર મારવાહે, સીઆઈસી, દીલ્હી, બુરારી ખાતે બની રહેલ રાષ્ટ્રીય આશ્રમ વિષેની માહીતિ આપી હતી અને જમીન સંપાદન કર્યા પછીની પ્રગતિ વિષે જણાવ્યું હતું



## જયપુર, રાજસ્થાન

21મી અને 22મી ઓકટોબરના રોજ જયપુર ઝોનલ આશ્રમ ખાતે પ્રશિક્ષકોની મિટિંગ યોજાયેલ જેમાં ચારિત્ર્યનિર્માણ, સબઝોનલ કમિટી બનાવી પ્રશિક્ષકોની કાર્યશક્તિને શ્રેષ્ઠતાનુંરૂપ આપવું તેમજ તેઓને નવી મદદ મોકલવી, યુવાતાલીમ અને નવા પ્રશિક્ષકોની પસંદગીની પ્રક્રીયા જેવા વિષયો ઉપર ચર્ચા થયેલ. ભાગલેનારાઓને ભૌભોલિક રીતે ચાર સબ ઝોનમાં વહેંચી સહનિર્દેશકની નિમંણૂક કરવામાં આવી હતી. ચર્ચાવિચારણાને અંતે સહનિર્દેશકોએ ભવિષ્યના આયોજનની રૂપરેખા આપી હતી. બીજા દીવસે, કાર્યક્ષમ નવા પ્રશિક્ષકો બની શકે તેની શોધ કરી અને તેમને તાલીમની જરૂરીયાત વિષે સમજાવ્યું. કાર્યક્રમની સમાપ્તિ બાદ ભાગલેનાર દરેક સંતોષ અને નવચેતનાની લાગણી અનુભવતા હતા.



## કર્ણાટક

8મી અને 9મી ડીસેમ્બરે પ્રશિક્ષક યાત્રા સપ્તાહ કર્ણાટક દક્ષિણ ઝોનના કેન્દ્રમાં યોજાયેલ. 27 પ્રશિક્ષકોએ 24 કેન્દ્રની મુલાકાત લીધી હતી. આ સપ્તાહના અંતમાં 24 હોમ ગેધરીંગ, 17 કેન્દ્રમાં આખા દીવસનો કાર્યક્રમ અને 6 કેન્દ્રોમાં અડધા દીવસનો કાર્યક્રમ યોજાયેલ. આ કાર્યક્રમનો મુખ્ય ઉદેશ "મિશનનું સાહીત્ય વાંચવાનું મહત્વ" હતો. આ કાર્યક્રમની શરૂઆતમાં વ્યક્તિગત પૂજા, ત્યારબાદ હોમ ગેધરીંગ અને સાંજે સાધનાના મૂળભૂત સિધ્ધાંતોને આવરી લેવામાં આવ્યા હતા. રવિવારના કાર્યક્રમની શરૂઆત સત્સંગથી કરવામાં આવી હતી અને ત્યારબાદ સમૂહચર્ચા રાખેલ જેમાં ભાઈ શ્રી કમલેશ પટેલે સૂચન કરેલ 9 પુસ્તકોના વાંચન ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો.

## ઉત્તર કર્ણાટકમાં પ્રશિક્ષક યાત્રા

7મી અને 8મી ડીસેમ્બરે, બેંગલોરના પ્રશિક્ષક ભાઈ શ્રી એન.એસ.નાગરાજ, ભાઈ શ્રી બી.જી. પ્રસન્નક્રીષ્ણા અને ભાઈ શ્રી ગીરીશ ટોટ્લુર અને પ્રકાશન વિભાગના સ્વયંસેવકોએ સાથે મળીને ઉત્તર કર્ણાટકના ઘણા કેન્દ્રોની મુલાકાત લીધી હતી જ્યાં તેમણે પ્રવચનો આપ્યા હતા તેમજ સત્સંગ કરાવ્યા હતા. ભાઈ શ્રી રાજુ કાશમપુરકર, ઝેડઆઈસી અને સ્થાનિક પ્રશિક્ષકઓએ પણ સેડામ, શોરપુર, યદગીર, ગોગી, હુમનાબાદ,ભાલ્કી અને બીડરની મુલાકાત સમયે ભાગ લીધો હતો જ્યાં 8મી ડીસેમ્બરે આખા દીવસનો કાર્યક્રમ યોજેલ હતો.

9મી ડીસેમ્બર, રવિવારના રોજ ગુલબર્ગા આશ્રમ મુખ્ય પવૃતિનું કેન્દ્ર હતું જ્યાં 270 અભ્યાસી અને ઉત્તર કર્ણાટકના બધા પ્રશિક્ષકો ભેગા થયા હતા. "દીલથી સેવા કરવી" વિષય ઉપર પ્રવચનો થયા અને ત્યારબાદ તે વિષય ઉપર જૂરીના સભ્યોની ચર્ચા અને અંતમાં પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ યોજાયેલ. સાંજના સમયે એક ઓપન હાઉસને ભાઈ શ્રી નાગરાજ, ભાઈ શ્રી પ્રસન્ના અને ભાઈ શ્રી રાજુએ સંબોધન કર્યું હતું. ત્યારબાદ 30 આમંત્રિતોમાંથી 10 આમંત્રિતોએ અભ્યાસની શરૂઆત કરી હતી.



## જોઈન્ટ સેક્રેટરીની આસામની મુલાકાત



આસામ ઓઈલ ડીવીઝન ઓફ ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશનનાં આમંત્રણથી ભાઈ એ. પી. દુરાઈ, જોઈન્ટ સેક્રેટરી તા. 31 ઓક્ટોબરનાં રોજ "વીજીલન્સ અવેરનેસ વીક 2012" માં ભાગ લેવા માટે દીગ્બોઈ આવી પહોંચ્યા. બુધવાર હોવાના કારણે લગભગ 40 જેટલા સ્થાનિક આભ્યાસીઓની સાથે તેમનું એક કલાકનું સત્ર હતું જેમાં તેઓને સહજ માર્ગમાં વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવાનું કહેવામાં આવ્યું. આવો જ એક કાર્યક્રમ બે કલાક માટે રવિવારે તા. 4 નવેમ્બરનાં રોજ તીનસુકીયા આશ્રમમાં ભાઈ દુરાઈ પાછા ફરતાં હતાં ત્યારે ફરીથી કરવામાં આવ્યો. આભ્યાસીઓએ આ કાર્યક્રમનાં વખાણ કર્યા અને પ્રશિક્ષકોએ ભવિષ્યમાં આવા કાર્યક્રમ યોજવા માટે ખાતરી આપી.

તા. 1 લી નવેમ્બરે બ્રધર સુનંદ પાંડે, ચીફ વીજીલન્સ મેનેજર, આઈઓસી, દીગ્બોઈ અને સેન્ટરનાં પ્રશિક્ષકે સ્થાનીક હાઈસ્કુલ માટે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કર્યું. લગભગ 40 જેટલાં વિદ્યાર્થીઓએ "ઈન ધ ઓપીનીયન ઓફ ધ હાઉસ, સ્ટુડન્ટસ નીડ ટુ બી ફુયુલડ બાય વેલ્યુ સીસ્ટમ્સ એન્ડ નોટ એમ્બીશન"એ વિષય ઉપર પોતાનું વકતવ્ય રજુ કર્યું. વક્તૃત્વની ગુણવત્તા ખુબ જ સરસ હતી અને અંતે ભાઈ દુરાઈએ "માસ્ટર્સ ટીચીંગ્સ ઓન એમ્બીશન એન્ડ એસ્પીરેશન" ની રજુઆત કરી. બીજા દિવસે તેમણે વીજીલન્સ અવેરનેસ વીકનાં વિદાય સમારંભમાં ભાગ લીધો જેમાં ત્યાનાં કર્મચારી અને તેમના પરિવારજનો પણ હાજર હતા. ઈનામ વિતરણ પછી તેઓ "ધ્યાન દ્વારા આંતરિક જાગૃતિ" કેળવવા પર બોલ્યા.

તા. 3 જી નવેમ્બરની બપોરે, થોડાક મહેમાનો માટે એક મેડીટેશન વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું. દીગ્બોઈ અને નજીકનાં કેન્દ્ર જેવાં કે તીનસુકીયા, દુમ દુમા, માર્ગેરીટા અને શિવસાગર નાં લગભગ 60 જેટલા આભ્યાસીઓ પણ ભાઈ ધાનીચંદ (ઝેડ આઈ સી) સાથે હાજર રહયા હતા. કેટલાક આભ્યાસીઓને સહજમાર્ગ વિશે બોલવાનું





કહેવામાં આવ્યું હતું અને કાર્યક્રમ ભાઈ દુરાઈનાં વિસ્તૃત પ્રેઝન્ટેશનથી પુરો કરવામાં આવયો હતો. કેટેલાક ઈચ્છુકોએ તેમની પ્રારંભિક સીટીંગ પણ લીધી હતી.

સાંજે ઓફીસર્સ કલબ, દીગ્બોઈ દ્વારા "સેલ્ફ ડેવલોપમેન્ટ થ્રૂ મેડીટેશન" વિષય ઉપર વકતવ્યનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં લગભગ 50 જેટલા સભ્યો, જેમાં અધિકારીઓ અને તેમના જીવનસાથીઓએ ભાગ લીધો હતો. ભાઈ દુરઈએ એમનાં વકતવ્યમાં વિભિન્ન પાસાઓ આવરી લઈ અને એક સક્ષમ ગુરૂનાં માર્ગદર્શન દ્વારા અંતરાત્માં ને ધ્યાનથી કેવી રીતે જોડી શકાય તેનાં બધાએ વખાણ કર્યા. આધ્યાત્મિકતના સંદેશાએ સૌનાં હ્રદયને સ્પર્શી લીધું હોય એવું લાગ્યું હતું.

## એ એમ સીની કાર્યપ્રવૃત્તિનો કાર્યક્રમ: એ. પી. ઉત્તર

એક એ એમ સીની કાર્યપ્રવૃત્તિના કાર્યક્રમનું આયોજન તા. 21 થી 23 સપ્ટેમ્બર 2012 સુધી થુમકુન્તા ઝોનલ આશ્રમ પર 115 આશ્રમ મેઈન્ટેનન્સ કમિટીનાં સભ્યો અને એ.પી.–ઉત્તરના આભ્યાસીઓ માટે કરવામાં આવ્યો હતો કાર્યક્રમની રૂપરેખા આ મુજબ હતી:

- એ એમ સીના સભ્યો અને એ એમ સીનું કાર્યક્ષેત્ર તથા તેમની જવાબદારી અને કર્તવ્ય, જે તે કેન્દ્ર/ આશ્રમને લાગુ પડે તે પ્રમાણે પુર્વ નિર્ધારીત કર્યા.
- એ એમ સીના સભ્યોની નિયમિત મીટિંગ અને કાર્ય વિવરણના હેવાલો ઉપર જોર આપવામાં આવ્યું.
- એ એમ સી મીટિંગનું સંચાલન "સંચાર–વ્યવસ્થાની માર્ગદર્શીકા"ના તાત્પર્યને ધ્યાનમાં રાખી હંમેશ માટે યોજવી.

અનુભવી વક્તાઓ દ્વારા, કર્તવ્ય અને જવાબદારી, આશ્રમ યૂટીલાઈઝેશન, નાણાં નીતિ, સ્વાગત કક્ષ, મેઈન્ટેનન્સ, ચીલ્ડ્રન સેન્ટર, આશ્રમ રખેવાડી અને સ્વયંસેવક વગેરે વિષયો આવરી લેવામાં આવ્યા એ એમ સી મેન્યુઅલનું તેલુગમાં ભાષાંતર થાય એવું નક્કી કરવામાં આવ્યું. હેડ ક્વાટર્રથી આવેલા ભાઈ શ્રીરામ સાથે નાણાં નીતિ પર સવાલ–જવાબનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો.

ગુરુજીના કાર્યક્રમના સંદેશાને અનુસરતા, આધ્યાત્મીક પહેલુ: વિચાર, શબ્દ અને કર્મ ઉપર ભાર મુકવામાં આવ્યો. કાર્યક્રમની રૂપરેખા એ હતી કે શુધ્ધ વિચારો સુખદ ઘટનાક્રમ અને શબ્દોમાં પરિણમે. આશ્રમનાં વાતાવરણને જાળવી રાખવા પર જોર આપવામાં આવ્યું.

## SMSF આશ્રમ, ગોવાનું ઉદ્દઘાટન




ગોવા, કે જે ભારતનાં પશ્ચિમ તટે આવેલું છે તેણે પોતે પોતાનું નામ મિશનનાં નકશામાં લખ્યું જ્યારે ગુરુજીએ તા. 26 ડિસેમ્બરે, વિડીયો થકી ગોવા આશ્રમનું ઉદ્દઘાટન કર્યું. મુંબઈ કેન્દ્રના ભાઈ કે. ડી. કોસામ્બેએ સાનકોલે ગામે (ડબોલિમ એરપોર્ટથી લગભગ 8 કિ. મી.) લગભગ 2.5 એકર જમીન, મેડીટેશન હોલમાં 80 અભ્યાસી રહી શકે એવા ઘર સાથે દાનમાં આપી. ભાઈ કોસામ્બે, તેમના મોટા દીકરા વિરાજ, ભાઈ પી. આર. ક્રિષ્ના, ભાઈ સુધીર મારવાહ અને ભાઈ આદિત્ય આ ઉદ્દઘાટન માટે હાજર રહ્યા હતા. ગુરુજીએ કહ્યું "પૂ.બાબુજી મને હંમેશા કહેતા કે દરેક ઘર આશ્રમ હોવું જોઈએ. આશ્રમ અંતરત્માનું પ્રતીક હોવું જોઈએ".

ભાઈ પી. આર. ક્રિષ્નાએ 9:00 કલાકે સત્સંગ ચાલુ કર્યો અને લગભગ 85 અભ્યાસીઓએ ભાગ લીધો. ગોવા આશ્રમ ડેવલપમેન્ટ અને કો–ઓર્ડીનેશન કમિટી હવે મેડીટેશન હોલ અને આજુ બાજુની જગયાને વિકસાવવા માટે સારી રીતે પ્રોત્સાહીત થઈ છે.

## સુવિધા પ્રદર્શન, લખનૌ


તા. 7 થી 9 ડિસેમ્બરે એક ફેસીલીટેટર ડેમોન્સ્ટ્રેશન પ્રોગ્રામ અને જી આઆઈટીપી (ગ્રાઉન્ડીંગ ઈન ધ પ્રેકટીસ)નું હિન્દીમાં લખનૌ આશ્રમમાં આયોજન કરવામાં આવ્યું. ચાર ઝોનના 65 અભ્યાસીઓએ (યુપી પુર્વ, યુપી સેન્ટ્રલ, યુપી પશ્ચિમ અને ઉત્તરાખંડ) સાત તાલીમ આપનાર શિક્ષકો :બહેન છબી સીસોદીયા, પૂનમ બબ્બર, નંદીતા માથુર અને વિમલા શૈરોન અને ભાઈ નીરજ લાવણ્યા, જીજ્ઞેશ સેલત અને ઓમ પ્રકાશ કેજરીવાલે ભાગ લીધો હતો.

તા. 7 મી એ સત્સંગ પછી બે નાની નાટીકાઓ શિકશ્કો દ્વારા રજુ કરવામાં આવી હતી. થોડા સત્ર પોતાની જાતને સ્વીકારવા અને ભાઈચારાનાં સંબંધ ઉપર આયોજાયા હતા. રાત્રિનાં ભોજન પછી જુદા જુદા સમૂહના કેટલાક અભ્યસીઓને બીજા દિવસનાં મોડ્યુલ માટે ફેસીલીટેટર તરીકે કામ કરવા માટે નીમવામાં આવ્યા હતાં.


તા. 8 ડિસેમ્બરે, "ધ્યાન" ઉપરનું મોડ્યુલ અભ્યાસીઓને આંતરીક અવલોકન અને નિરીક્ષણ દ્વારા અભ્યાસ કરવા માટે જાગ્રુત કરવા અને ધ્યાનની સચોટ પ્રક્રિયાની સમજ માટે તૈયાર કરવામાં આવ્યું હતું. તેમાં ઈચ્છુક અભ્યાસીઓને ધ્યાનની પ્રક્રીયા સરળ અને સાદીરીતે કેમ સમજાવી શકે તે પણ આવરી લેવામાં આવ્યું હતું.

તા. 9 ડિસેમ્બરે, "સફાઈ" ઉપરનાં મોડ્યુલનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મોડ્યુલનો હેતુ અભ્યાસીઓને સફાઈનું મહત્વ સમજાવવાનો હતો, અને જો કોઈક ત્રુટી હોય તો તેને શોધીને સુધારવી અને ઈચ્છુક અભ્યાસીઓને પણ આ પ્રક્રિયા સમજાવવા ઉપર હતો.


## નવાં પ્રકાશન





પૂજ્ય માલિકની વાર્તાઓ
હિન્દી ડીવીડી





સ્લાઈસીસ ઓફ ઈટરનીટી
ઈંગ્લીશ ફેનફોલ્ડ બુકલેટ





ટેઈલ્સ ઓફ વન્ડર,
વોલ્યુ–૩ ઈંગ્લીશ–
બાળકોનું પુસ્તક





નાઉ આઈ એમ ટેલિંગ યુ
ઈંગ્લીશ ડીવીડી





માસ્ટર્સ ટોક ટુ પ્રીફેક્ટ્સ, વોલ્યુ–૩
(૨૦૧૦–૨૦૧૨) ઈંગ્લીશ ડીવીડી




યુથ–અ ટાઈમ ઓફ પ્રોમિસ એન્ડ
એફર્ટસ ઈંગ્લીશ એમપી૩




બીકમીંગ વીઝનરીઝ ઈંગ્લીશ
ડીવીડી




હાર્ટસ્પીક–૨૦૧૦ વોલ્યુ–૨
ઈંગ્લીશ ડીવીડી

## પ્રકાશન સ્વયંસેવક વર્કશોપ, ગુલબર્ગ, ઉત્તર કર્ણાટક.

ઉત્તર કર્ણાટક, મુંબઈ અને હૈદ્રાબાદનાં લગભગ 50 સ્વયંસેવકો દ્વારા તા. 7 અને 8 ડિસેમ્બર, 2012 એમ બે દિવસના "પબ્લીકેશન વોલ્યુન્ટીયર્સ વર્કશોપ"નું ભાઈ વેંકટ રાવ અને બેંગલોરની ટીમ દ્વારા ગુલબર્ગા આશ્રમમાં આયોજન કરવામાં આવ્યું હતું. વર્કશોપનો હેતુ અભ્યાસીઓ પ્રકાશનને લગતી કામગીરી માટે સ્વયંસેવકોની સંખ્યા વધારવા, ગુરુજીના સંદેશાને પુસ્તક, ઓડીયો, વીડીયો, ફોટોગ્રાફ વગેરે રૂપમાં ફેલાવવા અને પુસ્તક વાંચનની ટેવ વિકસાવવાનો હતો. તાલિમ પ્રેરણાત્મક વકતવ્ય દ્વારા, સમૂહ ચર્ચા, રમત ગમત,વેચાણકાર્યનું મોક રીહર્સલ, વેચાણનાં કાઉન્ટર કેવીરીતે લગાવવા અને પછી દરેક પુસ્તકનો હિસાબ અને પુસ્તકોકેવીરીતે ભેગા કરવા વગેરેથી આપવામાં આવી. આ બે દિવસનો કાર્યક્રમ બધા સ્વયંસેવકો માટે ખૂબજ સારો હતો અને બધાને ખૂબ ફાયદો થયો.

## તેલુગુ ભાષાંતર માટેની તાલિમ

ગુરુજીના કાર્યનું અંગ્રેજીમાંથી અન્ય પ્રાદેશીક ભાષામાં ભાષાંતર કરવું, એ માટે બંને ભાષા ઉપર પ્રભુત્વ જ નહીં પરંતુ સહજમાર્ગના શિક્ષણની ઉંડી સમજ હોવી એ પણ જરૂરી છે. બેંગલોર, દિલ્હી અને આંધ્ર પ્રદેશનાં જુદા જુદા ભાગના લગભગ 50 અભ્યાસીઓ માટે તા. 14 થી 16 સપ્ટેમ્બરે થમકુંટાના ઝોનલ આશ્રમમાં એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો હેતુ સુસંગત અને ગુણાત્મક ભાષાંતર કે જે મૂળરૂપને વફાદાર હોય તે મેળવવાનો હતો. વિષય "બુધ્ધિ, સરળ, પ્રવાહ અને ઉત્સાહ"નો અર્થ એ હતો કે, ભાષાંતર બુધ્ધિપૂર્વક કરો; ભાષા સરળ રાખો, પ્રવાહને જાળવી રાખો અને ઉત્સાહથી કરો.

ભાઈ અનંત, કામેશ્વર અને ક્રિષ્ના રાવે બે દિવસના કાર્યક્રમનું આયોજન કર્યું હતું. એક આઈસ બ્રેકીંગ સત્ર અંતર્ગત, અત્યારની ભાષાંતરની પધ્ધતિ અને ભાષાંતર કરનારઓ માટે રૂપરેખા ઉપર એક પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું અને transliteration software (એક લિપિ કે ભાષામાંનું લખાણ બીજી લિપિમાં લખવું તે , લિવ્યંતર કરવું તે) ની એક પ્રાયોગીક તાલીમ પણ રાખવામાં આવી હતી.

## ગ્રાઉન્ડીંગ ઈન ધ પ્રેકટીસ

નવો તૈયાર કરાયેલો "ગ્રાઉન્ડીંગ ઈન ધ પ્રેકટીસ" કાર્યક્રમ અમદાવાદ અને જયપુરમાં ત્રણ દિવસ માટે અને ઉડુપી કેન્દ્રમાં આખા એક દિવસનો કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મુંબઈ મળી કુલ 163 અભ્યાસીઓએ તા. 12 થી 14 એકટોબરનાઅમદાવાદના કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમ 30 જેટલા ફેસીલીટેટરની ટુકડીઓ અને 35 જેટલા સ્વયંસેવકો દ્વારા આયોજન કરવામાં આવ્યો હતો. મિશનના સાહિત્યોમાંના કાર્યક્રમને લાગતી સામગ્રી અને ગુરુજીના ઓડીયો–વીડીયો વકતવ્ય દ્વારા તાલીમની પ્રક્રિયાને કુદરતી બનાવવામાં આવી હતી. મિશનનાં લગભગ 15 વર્ષ જુનાં અભ્યાસીઓએ પણ કહ્યું કે આ ટ્રેઈનીંગે તેમનો સહજમાર્ગ સાધના વિશેનો આખો વ્યુહ બદલી નાંખ્યો અને છેલ્લે બધાંએ કહ્યું કે સહજમાર્ગના સાચા અભ્યાસી બનવા આ તાલીમ જરૂર લેવી જોઈએ.

તા. 24 થી 26 નવેમ્બરે જયપુર ઝોનલ આશ્રમમાં ત્રણ દિવસનો હિન્દીમાં આયોજન કરેલા કાર્યક્રમમાં લગભગ 70 અભ્યાસીઓ અને 6 રાજસ્થાનના ફેસીલીટેટરે ભાગ લીધો હતો. જુદા જુદા સત્ર અને વીડીયો શો દરમિયાન દરેક વ્યક્તિ પૂરેપૂરા તરબોળ થઈ ગયા હતા. તેઓને લાગ્યું તેઓનાં હૃદય ખરેખર ખુલી રહયાં હતાં. ભાગ લેનાર દરેક જણે મોડ્યુલ અને જે રીતે કાર્યક્રમનું આયોજન થયું તેનાં વખાણ કર્યા હતાં. પાયાની સગવડો જે ઝોનલ આશ્રમમાં આપવામાં આવી તેમાં સ્વયંસેવકોનો પ્રેમ અને મહેનત જોડાયેલા હતાં.

"ડાયરી લેખન" ઉપર એક મોડ્યુલ તા. 16 ડિસમ્બરે ઉડુપીની નજીક પેરમપલ્લી આશ્રમમાં રાખવામાં આવ્યું હતું. 13 અભ્યાસીઓ અને 2 ફેસીલીટેટર હતાં. ચર્ચામાં ડાયરી લેખન ચારિત્ર્ય ઘડતર અને આધ્યાત્મિકતાના વિકાસ માટેનું સાધન છે એમ કહેવામાં આવ્યું. ઓડીયો વીડીયો દ્રશ્ય અને ડાયરી લેખન પર ગુરુજીના કથનોનું પ્રેઝનટેશન બતાવવામાં આવ્યું. કાર્યક્રમ કન્નડા અને અંગ્રેજી ભાષામાં હતો. અભ્યાસીઓએ ધ્યાનના તાલીમ પ્રોગ્રામ માટે બીજા અભ્યાસીઓને પ્રોત્સાહિત કરવાનું વચન આપ્યું. કાર્યક્રમ માટે દરેકના વ્યૂહ ખુબજ સારા હતા.



# આશ્રમો ખાતે કાર્યક્રમો

રવિવારના આખા દિવસના કાર્યક્રમોનું સંચાલન જુના અને નવા અભ્યાસીઓને એક સાથે લાવવાના હેતુથી કરવામાં આવે છે. સામૂહિક ચર્ચાઓ અને પ્રશ્નોત્તરી સત્ર સાધનાને લગતી અભ્યાસીઓની શંકાઓને સ્પષ્ટ કરે છે. આવા કાર્યક્રમો અભ્યાસીઓને અભ્યાસમાં નિયમિત થવા માટે અને લક્ષ્ય તરફ આગળ વધવા માટે પ્રેરણા આપે છે. નીચે આપેલો અહેવાલ વિવિધ કેન્દ્રોમાં સંચાલિત કરવામાં આવેલા આખા દિવસના અને અડધા દિવસના કાર્યક્રમોનો છે.

તામિલનાડુના અવિનાશી કેન્દ્રમાં ૨જી ઓકટોબરે, અડધા દિવસના કાર્યક્રમનું આયોજન કર્યું હતું; જેમાં ૫૫ અભ્યાસીઓએ હાજરી આપી હતી. આધ્યાત્મિકતા વિશે જાગરૂકતા પેદા કરવા માટે અને નવા આકાંક્ષીઓને સહજમાર્ગની સમજુતી આપવા માટે કાર્યક્રમમાં ભાષણોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. સહજમાર્ગ સાધનાના પાયાના વિષયોને આવરી લેવામાં આવ્યા હતા. ભાગ લેનારાઓને બની શકે તેટલું વધારે મૌન જાળવી રાખીને આંતરિક અવાજને સાંભળવા માટે વિનંતી કરવામાં આવી હતી.

૨૩મી ઓકટોબરે, કેરાલાના પયન્નુર ખાતે ભાગ લેનારાઓએ વ્હીસ્પર્સ ફ્રોમ ધી બ્રાઈટર વર્લ્ડનાં અવતરણોની રજૂઆત કરી હતી. નોર્થ–મલાબારના સબ–ઝોનના સાત કેન્દ્રોમાંથી કુલ ૨૦૦ અભ્યાસીઓએ ભાગ લીધો હતો.

રાજસ્થાનના ભીલવારા કેન્દ્રના યુવકોએ ૪થી નવેમ્બરે આખા દિવસનો કાર્યક્રમ રાખ્યો હતો. કાર્યક્રમનો મુદ્દો 'ગુરૂ' હતો. તેમાં અનુભવો કહેવાનો કાર્યક્રમ રાખ્યો હતો અને નાટક પણ ભજવવામાં આવ્યું હતું. પૂ. ગુરુજીની "સહજમાર્ગ ટોવર્ડસ ઈનફીનીટી" ની ડીવીડી બતાવવામાં આવી હતી. ભાગ લેનારાઓએ યુવાઓની ટુકડીના પ્રયત્નોની કદર કરી હતી.

કેરાલાના અલુવા કેન્દ્રમાં, ૧૮મી નવેમ્બરે આખા દિવસના કાર્યક્રમનું આયોજન થયું હતું. જેમાં ૨૦૦ અભ્યાસીઓએ હાજરી આપી હતી. સત્સંગો ઉપરાંત, તેમાં ગુરુજીનાં વકતવ્યોનો વિડિયો, વિચારોની આપ–લેનો કાર્યક્રમ, ગીતો અને કાવ્યના પઠને દિવસને દિપાવ્યો હતો. 'દિવ્યતા' અને ૯ વાગ્યાની વૈશ્વિક પ્રાર્થના જેવા વિષયો પર સ્પષ્ટિકરણો પૂરાં પાડવામાં આવ્યાં હતાં.

આંધ્રપ્રદેશના તિરૂપતી કેન્દ્રે ૨જી ડીસેમ્બરે લગભગ ૧૩૦ ભાગ લેનારાઓ માટે એક જુદા જ પ્રકારના આખા દિવસના કાર્યક્રમનું આયોજન કર્યું હતું. અભ્યાસીઓએ પ્રશ્નાવલીઓ ભરીને સ્વ–મૂલ્યાંકન કર્યું હતું જેમાં પ્રશ્નોની બહુવિધ પસંદગી અને ચૂંટેલા જવાબો માટે મૂલ્યાંકન રાખવામાં આવ્યાં હતાં. તેમાં સહજમાર્ગ, બીજાઓ પ્રત્યેની અભ્યાસીઓની વર્તણુંક, સ્વૈચ્છિક કાર્ય અને આશ્રમને લગતા પ્રશ્નો હતા. આ પ્રવૃત્તિથી ભાગ લેનારાઓને તેમની વૃત્તિ અને તેને વિકસાવવાની રીતો સમજવામાં મદદ થઈ હતી.

### દક્ષિણ તામિલનાડુમાં, શિક્ષકો સમક્ષ સહજ માર્ગની રજૂઆત (૨૦૧૨)

જોઈન્ટ સેક્રેટરી, ભાઈ એ. પી.દુરાઈએ દક્ષિણ તામિલનાડુમાં ૨૩મી નવેમ્બરથી ૧લી ડીસેમ્બર વચ્ચે કેટલાક જાહેર કાર્યક્રમોનું આયોજન કર્યું હતું. પહેલા ત્રણ દિવસો થન્જવુર, અરિયલુર, થિરુવરુર અને પુડુકોટ્ટઈમાં અને તે પછીના ૭ દિવસો તિરુનેલ્વેલિ અને કન્યાકુમારીના જીલ્લાઓમાં હતા.

આ જાહેર કાર્યક્રમો શિક્ષકો પર કેન્દ્રિત હતા અને સત્તર શાળાઓમાંથી લગભગ ૭૫૦ શિક્ષકોએ કાર્યક્રમમાં હાજરી આપી હતી. તેમાંથી, લગભગ બસો વ્યક્તિએ ધ્યાન શરૂ કરવાની તેમની ઈચ્છા દર્શાવી હતી. અભ્યાસ શરૂ કરતાં પહેલાં તેમની જાતે તૈયાર થવા માટે અભ્યાસની શરૂઆત કરવા ઈચ્છતા નવા લોકો માટેની પત્રિકાઓ તેમને આપવામાં આવી હતી.

એવું જોવા મળ્યું છે કે શાળાના આચાર્યો/મુખ્ય શિક્ષકોને કાર્યક્રમો ઘડતાં પહેલાં યોગ્ય રીતે સંક્ષિપ્તમાં કહેવામાં આવતું ન હોવાથી, જ્યારે જાહેર કાર્યક્રમની પરવાનગી લેવા માટે તેમનો સંપર્ક સાધવામાં આવે છે ત્યારે તે વખતે, પત્રની સાથે જ વાંચન સામગ્રી પણ આપવામાં આવે તેમ નક્કી કરવામાં આવ્યું હતું.

જ્યારે ભાઈ દુરાઈએ ગુરુજીને જણાવ્યું કે અગાઉના દસકાઓ સાથે આજની સરખામણી કરીએ તો આજે લોકો સહજમાર્ગના સંદેશા માટે તૈયાર હોય એવું લાગે છે. ત્યારે ગુરુજીએ કહ્યું હતું, "એટલા જ માટે પૂ. બાબુજી મહારાજ કહી રહ્યા છે કે લોકોનાં હૃદય ખૂલી રહ્યાં છે."

જાહેર કાર્યક્રમની આ હારમાળાઓનું જે લોકો આયોજન કરે છે તે બધા જ પ્રશિક્ષકો અને અભ્યાસીઓ માટે પણ તાલીમ માટેનું ક્ષેત્ર હોવાનું પૂરવાર થઈ રહ્યું છે. પ્રશિક્ષક ભાઈઓ નલ્લચિરમ (વલ્લિઉર), અન્બલગન (તિરુનેલ્વેલિ), ડો. નાથન (નાગરકોઈલી), ક્રિશ્નરાજન (વડાકન્કુલમ) અને બહેન ડો. રાજલક્ષ્મી (તિરુનેલ્વેલિ)ને સ્વયંસેવકોએ ઉત્સાહપૂર્વક મદદ કરી હતી અને આજુબાજુનાં કેન્દ્રોમાં, ઝેડ આઈ સી ભાઈ બી એસ મુરૂગને સ્થાનિક પ્રશિક્ષકો, ભાઈ સુબ્રમનિયન, ભાઈ પોચ્ચમોઝ્હિ અને બહેન કામાક્ષીની મદદથી કાર્યક્રમોનું આયોજન કર્યું હતું. ગુરુજીની ઉપસ્થિતિથી પ્રવૃત્તિઓ ચોમેર વ્યાપ્ત થઈ ગઈ હતી અને બધીજ સંસ્થાઓમાં કાર્યક્રમોને ઉત્તેજન આપવા માટેનાં બધાં જ દ્વાર ખોલી નાખ્યાં હોય તેવું લાગતું હતું.



# આણંદ આશ્રમ, ગુજરાત

## પ્રકાશનું કેન્દ્ર

"માટે ગુરુજીનો ઉપયોગ આપણે શું બનવાનું છે એ માટેની સૂચિ તરીકે કરવાનો છે અને તમારે તમારી અંદર એ જોવાનું છે અને જુઓ કે સહજમાર્ગ તમારા માટે શું કરી રહ્યો છે. તો જ આપણે માર્ગ પર ટકી રહીશું, આપણે બીજા બધાની અવગણના કરીને ગંભીરતાથી આગળ વધીશું. મારે ધ્યેય સુધી પહોંચવાનું છે; ધ્યેય મારી સમક્ષ છે. તે તેમને બતાવે છે કે મારે શું બનવાનું છે. મારી તરફ જોઈને, હું જોઉં કે મારી અંદરથી ટાંચીને વધારાનું મારે શું દૂર કરવાનું છે અથવા શું ઉમેરવાનું છે અથવા શું ઓછું કરવાનું છે. તો જ યાત્રા સરળ, અસ્ખલિત અને અનુકૂળ બને છે જેનાથી લક્ષ્ય ઉપર ઝડપથી પહોંચી શકાય છે."

29મી જાન્યુઆરી ૨૦૦૪ના રોજ આણંદ, ગુજરાત ખાતે ગુરુજીએ આપેલું વકતવ્ય







'આનંદાશ્રમ'એ ગુરુજીએ ગુજરાતના આણંદના, આશ્રમ માટે આપેલું નામ છે. કારણ કે ત્યાં તમને ઘણો જ આનંદ જોવા મળે છે. આણંદ એ અમદાવાદ અને વડોદરાની વચ્ચે આવેલ જીલ્લાનું વડુ મથક છે અને તે અમૂલ ડેરી, ઈરમા અને એનડીડીબીને કારણે જાણીતું છે. ભારતમાં તે 'શ્વેત ક્રાંતિ' ના અગ્રદૂત તરીકે છે.

'૮૦ અને '૯૦ની શરૂઆતમાં અને ૧૯૯૨–૯૩માં ગુરુજીનાં પત્ની સુલોચના મામીની સારવાર માટે આણંદમાં થોડા મહિનાઓ માટે આવવું પાડ્યું હતું. ત્યારની વારંવાર કરેલી તેમની મુલાકાતને કારણે આણંદ કેન્દ્રનો વિકાસ થયો હતો. ગુરુજીએ ઈરમા, નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ અને વેટરનીટી કોલેજમાં પણ વકતવ્યો આપ્યાં હતાં.

૧૯૯૫માં, ગુરુજીએ ભાઈ પી. એસ ભાર્ગવને તેમની આવાસી જગ્યાનો એસઆરસીએમ મેડીટેશન હોલ તરીકે ઉપયોગ કરવા એક છાપરૂં બાંધવાની પરવાનગી આપી હતી. ગુરુજીએ એનું નામ 'મંડપમ' પાડ્યું હતું. ૧૯૯૬માં, બહેન અંજના નાગરે આણંદથી લગભગ ૫કી.મી. દૂર હાડગુડ ગામમાં આશ્રમ બાંધવા માટે જમીનનો નાનો ટૂકડો આપવાની નમ્ર વિનંતી કરી હતી. ૧૯૯૭ના, જાન્યુઆરીમાં, ગુરુજીએ આશ્રમ સ્થળની મુલાકાત લીધી હતી અને ત્યાં જે પ્લોટ હતા તે કોલોનીને શ્રી રામચંદ્રપુરમ નામ આપ્યું હતું. ૫મી સપ્ટેમ્બર, ૨૦૦૦ના રોજ તે સમયના ઝેડ આઈ સી ભાઈ મધુકર કોચર દ્વારા ૧૫૦ અભ્યાસીઓ બેસી શકે તેવી ક્ષમતાવાળા નવા બાંધકામનું પૂ. ગુરુજીની પરવાનગીથી ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આણંદ, વડોદરા, વણાકબોરી અને નડિયાદ કેન્દ્રોમાંથી લગભગ ૧૬૫ અભ્યાસીઓ તેમાં હાજર રહ્યા હતા.

ગુરુજીએ ૩૦મી જાન્યુઆરી ૨૦૦૪ના રોજ, આણંદની મુલાકાત લીધી હતી. ત્યાં સુધીમાં, બહારના વરંડાનો ઉમેરો કરવામાં આવ્યો હતો અને ખાલી જગ્યામાં બગીચો પણ બનાવવામાં આવ્યો હતો કારણ કે ત્યાંસુધીમાં તે સ્થળે પાણીનો સ્ત્રોત પણ મળી ગયો હતો. સત્સંગ પછી, આશ્રમની સામે 'કદંબ'નો છોડ રોપ્યો હતો. આજે તો એ ઝાડ લગભગ ૪૦ ફૂટ ઊંચું થઈ ગયું છે અને તેની સાથે બીજાં ઝાડ અને નાની નાની ડાળીઓ આશ્રમને અનન્ય સૌંદર્ય પ્રદાન કરે છે.





**To download or subscribe to this newsletter, please visit http://www.sahajmarg.org/newsletter/india For feedback, suggestions and news articles please send email to in.newsletter@srcm.org**
© 2011 Shri Ram Chandra Mission ("SRCM"). All rights reserved. "Shri Ram Chandra Mission", "Sahaj Marg", "SRCM", "Constant Remembrance" and the Mission's Emblem are registered Trademarks of Shri Ram Chandra Mission.This Newsletter is intended exclusively for the members of SRCM. The views expressed in the various articles are provided by various volunteers and are not necessarily those of SRCM.